# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

प्रथम वर्ष अभ्यासक्रम-३

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૩

ઑગસ્ટ ૨૦૨૧

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧) અણમોલ ........................ કેવળ જીવવાજ નથી મળ્યું પણ બીજાઓને પણ જીવાડવા મળ્યું છે .

૨) જ્ઞાન, દર્શન તથા ચારિત્રની ........................ રૂપ જિન મંદિરને ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવી.

૩) ગુણીજનના ગુણોની ........................ કરવાથી આપણા જીવનમાં ગુણો પ્રગટ થાય છે.

૪) પુદ્ગલાસ્તિકાય પૂરણ અને ...................... સ્વભાવવાળું છે.

૫) ...................... કાળમાં દિવસે દિવસે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.

૬) શ્રી ........................ પ્રભુ આગલા ત્રીજાભવે જંબુ મહાવિદેહ માં મહાબળ રાજા હતાં

૭) જિન પૂજામાં વપરાતું દ્રવ્ય ...... .................... થી ઉપાર્જન કરેલું વાપરવુ.

૮) લજ્જા એટલે લાજ ........................ મર્યાદા દાક્ષિણ્યતા.

૯) પ્રત્યેક વનસ્પતિકાય ........................ જ છે.

૧૦) ધર્મ જીવને ........................ માંથી પરમાર્થ તરફ લઈ જાય છે.

૧૧) શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ તે ........................ છે.

૧૨) જીવ જયાં જાય છે ત્યાં પ્રથમ ........................ ગ્રહણ કરે છે.

૧૩) મુકુટ આદિ આભૂષણ ચડાવતી વખતે ........................ ભાવવી.

૧૪) જીવ જેમ શકિતનો ........................ છે તેવી રીતે અજીવમાં પણ મહાશકિત ભરેલી છે.

૧૫) અનાદિકાળથી આપણા આત્માની સાથે અનેક ........................ જોડાયેલા છે.

૧૬) જૈન શાસ્ત્રો પાસે કાળની ગણનાની પોતાની આગવી ...................... પદ્ધતિ છે.

૧૭) ચૈત્યવંદન કરતી વખતે શરીર નો ........................ તજીને કરકમળ જોડીને રહેવું.

૧૮) સત્ નો સંગ આપણ ને ........................ અને સંત બનાવે છે.

૧૯) જ્ઞાની ભગવંતો આપણી ભ્રમણાને ભાંગતા આપણી ચારે બાજુ ...................... ની હાજરી સૂચવે છે.

૨૦) ધર્મ શ્રવણથી જ ........................ આત્મા દેવલોકે પહોંચ્યો.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧) અસ્તિકાય એટલે શું ?

૨) કયા આરામાં યુગલિક ધર્મ હોતો નથી ?

૩) શ્રી સંભવનાથ પ્રભુના શાસન રક્ષક યક્ષ કોણ હતાં ?

૪) ધર્મનુ મૂળ કોણ છે ?

૫) અન્ય દર્શનો પ્રકાશના અભાવને શું કહે છે ?

૬) સંઘભક્તિ કરી કયા પ્રભુએ તીર્થંકર નામકર્મ બાંધ્યું ?

૭) આપણને સહુને ચાલવામાં કોણ સહાયક બને છે ?

૮) મન દઈને પરમાત્માની વાણી સાંભળવી તે બુદ્ધિનો કયો ગુણ છે ?

૯) સ્કંધ થી છૂટો પડેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજ્ય સૂક્ષ્મ અણુ શું કહેવાય ?

૧૦) ગુણો અને ગુણવાનો પ્રત્યેનો રાગ આપણને કેવો બનાવી નેજ રહે છે ?

૧૧) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ કઈ નગરીનાં કેવળજ્ઞાન પામ્યા ?

૧૨) ભૂત-ભવિષ્ય-વર્તમાન કાળને શું કહેવાય ?

૧૩) સમાજ પ્રિય પ્રાણી કોણ છે ?

૧૪) જય વિયરાય કહેતી વેળા કઈ મુદ્રા થાય છે ?

૧૫) વિશેષ જાણવું અને વિવેકપૂર્વક વર્તવુ તેનું નામ શું ?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) દીહ ૨) નાયવ્વા ૩) ફાસા ૪) આણપાણ ૫) એગ ૬) સાહારણ ૭) અજ્જીવા ૮) તહેવ

૯) ચેવ ૧૦) પખ્ખા ૧૧) પત્તાણિ ૧૨) મણે ૧૩) સત્તહુત્તરી ૧૪) અદિસ્સા ૧૫) વરિસાય

૧૬) ચલણ ૧૭) પત્તેય ૧૮) ખંધા ૧૯) પભા

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નું નંબર લખો).** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) કાળચક્ર | ૧) સદ્‌ગતિના દ્વાર |
| ૨) મદિરા | ૨) શ્રી સુમતિનાથ |
| ૩) મંગલારાણી | ૩) વર્ણ ત્રિક |
| ૪) મહાયક્ષ | ૪) શંખનાદ – ઘંટનાદ |
| ૫) વિજય | ૫) પ્રસંશા |
| ૬) અર્થાલંબન | ૬) બાર આરા |
| ૭) પૂ. ગુરૂભગવંતો | ૭) અજિતબલા |
| ૮) શિષ્ટાચાર | ૮) વિમાન |
| ૯) સૂક્ષ્મજીવો | ૯) વ્યસન |
| ૧૦) મિશ્રશબ્દ | ૧૦) ચૌદ રાજલોક |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) અનંતકાય કેટલા છે ?
૨) સુષમદુષમ નામનો ત્રીજો આરો કેટલા કોડાકોડી સાગરોપમના પ્રમાણ નો છે ?
૩) એક યુગ બરાબર કેટલાં વર્ષ ?
૪) શ્રી પદ્મપ્રભુ સ્વામીના ગણધર કેટલા ?
૫) સ્થાવર જીવોના કુલ ભેદ કેટલા ?
૬) જિનેશ્વર પ્રભુના દર્શન કરનાર શ્રાવકોએ કેટલી ત્રિક ધારણ કરવી જોઈએ ?
૭) બલાબલની વિચારણા એ માર્ગાનુસારીનો કેટલામો ગુણ છે ?
૮) શ્રી અજીતનાથ પ્રભુએ કેટલા રાજાઓ સાથે દીક્ષા લીધી ?
૯) એક મુહુર્ત બરાબર કેટલા શ્વાસોશ્વાસ ?
૧૦) સુષમ નામના આરામાં મનુષ્યો કેટલી પાંશળીઓ વાળા હતા ?

**પ્રશ્ન-૬ નીચેના વાક્યો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) સદ્‌ગુણી સહુનો પ્રેમપાત્ર બને છે જ્યારે દુર્ગુણી ઠેર ઠેર નમસ્કાર પામે છે.
૨) વાદળ ખારુ પાણી પીને મીઠું જળ વર્ષાવે છે.
૩) પ્રભુના ગુણગાન પૂર્વક વિધિસહિત ચૈત્યવંદન કરવું તે અગ્રપૂજા છે.
૪) દુષમ નામનો પાંચમો આરો બેંતાલીસ હજાર વર્ષ પ્રમાણ હોય છે.
૫) સંસારી જીવોનું જીવન અજીવ તત્વની સહાયતા વિના અધૂરું છે.
૬) વૃક્ષો ભયંકર તાપમાં પણ જીવોને શીળી છાંયડી આપે છે.
૭) બટાટા, કાંદા, બીટ વિગેરે સાધારાણ વનસ્પતિકાયમાં તાંતણા હોય છે.
૮) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ સમેત શિખર ઉપર ચારસો મુનિઓ સાથે મોક્ષે ગયા.
૯) મિત્ર સાથે વિશ્વાસઘાત કરવાથી વર્તમાન માં નુકશાન દેખાશે, પણ સરવાળે ફાયદો છે.
૧૦) ગુલાબની કોમળતા એની સુંદરતામાં વધારો કરી સહુને આકર્ષે છે.

**પ્રશ્ન-૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) જિન મંદિરમાં ભોજન કરવું.
૨) દુઃખ વધારે, સુખ અલ્પ હોય છે.
૩ વાંસ, શેરડી વગેરેની ગાંઠો સ્પષ્ટ જાણી શકાય છે.
૪) પર્યાપ્તિ એટલે શક્તિ.
૫) આકાશાસ્તિકાય અવકાશ આપે છે.
૬) ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ વૈશાખ શુદિ આઠમે જનમ્યા.
૭) જ્યાં બીજ ન હોય ત્યાં અંકૂર કયાંથી હોય ?
૮) હું પ્રભુ મહાવીરનો વારસદાર છું મારાથી આ પાપ થાય ?
૯) આંખનું મટકું મારતાં અસંખ્ય સમય વીતી જાય છે.
૧૦) જીવ-અજીવ બનતું નથી, અજીવ જીવ બનતુ નથી.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) સાત શુધ્ધિઓ ૨) પ્રસિદ્ધ દેશાચારનું પાલન ૩) પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણો.
૪) દુષમ દુષમ નામનો છઠ્ઠો આરો ૫) શ્રી સંભવનાથ પ્રભુની જીવનયાત્રા.

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
**શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર,**
**સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪૧૦૧.**